# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-09-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- સેમિકોન ઇન્ડિયા 2024ને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતનું સ્વપ્ન વિશ્વની દરેક ડિવાઇસમાં ભારતની ચીપ હોય
- વાણિજ્ય - ઉદ્યોગ મંત્રી, પિયુષ ગોયલે ઉદ્યોગ સાહસિકો માટે સરળ આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવા માટે ટ્રેડ કનેક્ટ ઇ-પ્લેટફોર્મ લોન્ચ કર્યું
- દિલ્હીની વિશેષ અદાલતે આબકારી નીતિમાં કૌભાંડ કેસ મામલે અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી 25 સપ્ટેમ્બર સુધી વધારી
- કચ્છના અબડાસા અને લખપતમાં શંકાસ્પદ તાવના કારણે 11ના મોત
- અને ભારત એશિઆઈ ચેમ્પિયનશીપ હૉકી ટુર્નામૅન્ટની સેમિફાઇનલમાં પહોંચ્યું

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## PM Semicon

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતનું સ્વપ્ન છે કે વિશ્વની દરેક ડિવાઇસમાં ભારતની ચિપ હોય. સરકાર સેમીકન્ડક્ટર ઉત્પાદનને વધારવા માટે અનેક પગલાં લઈ રહી છે.

ગ્રેટર નોઈડામાં ઇન્ડિયા એક્સ્પો માર્ટમાં સેમિકોન ઈન્ડિયા 2024નું ઉદ્ઘાટન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, ભારતમાં ડેટા સેન્ટરની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. 85 હજાર ટેકનિશિયન્સ અને એન્જિનિયર્સ સેમિકન્ડક્ટર વર્કફોર્સ તૈયાર કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, આજનો યુગ સિલિકોન ડિપ્લોમસીનો યુગ છે અને ડિઝાઇનિંગની દુનિયામાં ભારતનું 20 ટકા પ્રદાન છે. ભારતનાં ઇલેક્ટ્રોનિક બજારને 500 અબજ ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય છે એમ તેમણે જણાવ્યું હતું.

ત્રણ દિવસની આ પરિષદની થીમ છે - "સેમીકન્ડક્ટરનાં ભાવિને આકાર આપવો." આ પરિષદ ભારતની સેમિકન્ડક્ટર વ્યૂહરચના અને નીતિને પ્રદર્શિત કરશે જે ભારતને સેમિકન્ડક્ટર માટે વૈશ્વિક હબ બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે.

સેમિકોન ઇન્ડિયા વૈશ્વિક નેતાઓ, કંપનીઓ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગના નિષ્ણાતોને એક મંચ પર લાવશે. કોન્ફરન્સમાં 250થી વધુ પ્રદર્શકો અને 150 વક્તાઓ ભાગ લેશે.

## PIYUSH GOYEL TRADE CONNECT

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી, પિયુષ ગોયલે આજે નવી દિલ્હીમાં ભારતીય ઉદ્યોગ સાહસિકો માટે સરળ આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવા માટે ટ્રેડ કનેક્ટ ઇ-પ્લેટફોર્મ લોન્ચ કર્યું. આ ઓનલાઈન પ્લેટફોર્મ નિયમનો, નિયંત્રણો, મુક્ત વેપાર સંધિ, કાર્યક્રમો, ભાગીદારી, જકાત, વેરો, છૂટ તેમજ વિદેશી ખરીદારો વિશેની માહિતી માટેનું માધ્યમ બનશે.

કાર્યક્રમને સંબોધતા શ્રી ગોયલે જણાવ્યું હતું કે ટ્રેડ કનેક્ટ ઇ-પ્લેટફોર્મ એ વિવિધ મંત્રાલયો, સંસ્થાઓ અને સંસ્થાઓ વચ્ચેનો ભવ્ય સહયોગ છે.

## DELHI COURT-KEJRIWAL

દિલ્હીની વિશેષ અદાલતે આબકારી નીતિમાં કૌભાંડ કેસ મામલે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી 25 સપ્ટેમ્બર સુધી વધારી દીધી છે. દિલ્હીની રાઉસ એવેન્યૂ અદાલતે વીડિયો કોન્ફરેન્સિંગ દ્વારા આ મામલે સુનાવણી હાથ ધરી હતી, જેમાં અરવિંદ કેજરીવાલને તિહાડ જેલથી રજૂ કરાયા હતા.

કેન્દ્રીય તપાસ સંસ્થા – સીબીઆઈ એ દાખલ કરેલા આરોપનામાની નોંધ લેતા, ન્યાયાધીશ કાવેરી બવેજાએ ગત સપ્તાહે, અરવિંદ કેજરીવાલને 11 સપ્ટેમ્બરના રોજ અદાલતમાં રજૂ કરવા વોરંટ જાહેર કર્યું હતું.

આ પૂર્વે સીબીઆઈએ આ જ મામલે અરવિંદ કેજરીવાલ તેમજ અન્ય આરોપીઓ વિરુદ્ધ અદાલત સમક્ષ પૂરક આરોપનામું દાખલ કર્યું હતું. અરવિંદ કેજરીવાલે આ મામલે જામીન અરજી માટે સર્વોચ્ચ અદાલતમાં પણ અરજી કરી છે, જોકે અદાલતે આ મામલે હજી સુધી ચુકાદો સંભળાવ્યો નથી.

## KUTCH-FEVER DIED

રાજ્ય સરકારે ભેદી તાવને કારણે કચ્છના અબડાસા અને લખપતમાં 11 લોકોના મોતની પુષ્ટિ કરી છે. રાજ્યના આરોગ્ય મંત્રી રિષિકેશ પટેલે આજે કચ્છની મુલાકાત લીધી હતી, દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, કુલ 16 મોતમાંથી 11 જેટલા મોત શંકાસ્પદ તાવને કારણે થયા છે, જ્યારે અન્ય પાંચના મૃત્યુ અન્ય બીમારીઓને કારણે થયા છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારે દર્દીઓની સારવાર અને ઝડપી સ્વાસ્થ્ય સુધાર માટે પૂરતી વ્યવસ્થા કરાઈ હોવાનું જણાવ્યું. વધુમાં તેમણે કહ્યું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય કર્મચારીઓની વિવિધ ટુકડીઓ ઘર ઘર જઈને સર્વેનું કામ કરી રહી છે.

## FISHERY SCHEME

કેન્દ્રીય મત્સ્ય, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહે આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી મત્સ્ય કિસાન સમૃદ્ધિ સહ-યોજના શરૂ કરી છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાના ચાર વર્ષ પૂર્ણ થયા પ્રસંગે સંબોધન કરતા, શ્રી રંજને તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને એક સાથે આવવા તેમજ મત્સ્ય પાલન ક્ષેત્રને એક સંગઠિત ક્ષેત્ર બનાવવા માટે વધુમાં વધુ માછીમારોને આ પ્લેટફોર્મ સાથે જોડાવવા અપીલ કરી.

શ્રી રંજને મત્સ્ય પાલન શ્રેત્રે પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીના પ્રયત્નોના વખાણ કરતા કહ્યું કે તેમના નેતૃત્વમાં આ ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ, ટેક્નોલોજી અને ઉત્પાદનમાં વિકાસ જોઈ શકાય છે.

વધુમાં તેમણે કહ્યું કે આ ક્ષેત્રે પ્રતિ વર્ષ 60 હજાર કરોડ રૂપિયાનું રોકાણ થઈ રહ્યું છે, તેમજ ભારત દુનિયાભરના અંદાજે 120 દેશોને માછલીની નિકાસ કરી રહ્યું છે. આ પ્રસંગે તેમણે નાણાકીય વર્ષ 2024-25 માટે પ્રધાનમંત્રી મતસ્ય સંપદા યોજના અંતર્ગતની અન્ય પરિયોજનાઓનું ઉદ્ઘટન પણ કર્યું.

## PM-GREEN HYDROGEN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાર મૂકતાં કહ્યું કે, આબોહવા પરિવર્તન અને ઊર્જા સંક્રમણ એ વૈશ્વિક ચિંતાનો વિષય છે અને ડીકાર્બોનાઇઝેશન પર ગ્રીન હાઇડ્રોજનની અસરને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય ભાગીદારી મહત્વપૂર્ણ છે.

વર્ચ્યુઅલ રીતે ગ્રીન હાઇડ્રોજન પરની આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતા, શ્રી મોદીએ પ્રકાશ પાડ્યો કે ઉત્પાદનમાં વધારો, ખર્ચમાં ઘટાડો અને માળખાકીય સુવિધાઓનું નિર્માણ સહકાર દ્વારા ઝડપથી પ્રગતિ કરી શકે છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે આબોહવા પરિવર્તન એ માત્ર ભવિષ્યની બાબત નથી કારણ કે તેની અસર અત્યારે અનુભવાઈ રહી છે.

ભારત સ્વચ્છ અને હરિયાળો દેશ બનાવવા માટે પ્રતિબદ્ધ છે તે વાત પર ધ્યાન દોરતા શ્રી મોદીએ કહ્યું કે G20 દેશોમાં ગ્રીન એનર્જી અંગે પેરિસની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરનાર દેશ પ્રથમ છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે આ પ્રતિબદ્ધતાઓ 2030ના લક્ષ્યાંક કરતાં નવ વર્ષ પહેલાં પૂરી કરવામાં આવી હતી.

## CENTRE KHALISTAN

કેન્દ્ર સરકારે ખાલિસ્તાની સમર્થક જૂથ ‘સિખ્સ ફોર જસ્ટિસ’ પરનો પ્રતિબંધ આગામી પાંચ વર્ષો માટે વધારી દીધો છે. આ પ્રતિબંધ ગેરકાયદેસરની પ્રવૃત્તિઓના નિવારણ કાયદા હેઠળ લગાવવામા આવ્યો છે. સરકારે જાહેર કરેલી યાદી પ્રમાણે આ

સંગઠન એવી પ્રવૃત્તિઓમાં સામેલ હતું જે દેશની અખંડિતતા અને સુરક્ષા માટે જોખમી હતી. કેન્દ્ર સરકારે 2019માં આ સંગઠન પર પ્રતિબંધ મૂક્યો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

## RJD ELECTION

રાષ્ટ્રીય જનતા દળ – RJDએ ઇન્ડિ ગંઠબંધન સાથે મળીને વિધાનસભા ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. રાંચીમાં આજે પક્ષના નેતાઓની એક બેઠક મળી હતી, જેમાં આ અંગે સહમતી સધાઈ હતી. બેઠક બાદ ઝારખંડમાં RJD ઇન્ચાર્જ જય પ્રકાશ નારાયણ યાદવે કહ્યું કે પક્ષો વચ્ચે બેઠકોની ફાળવણીને લઈને ટૂંક સમયમાં નિર્ણય લેવાશે.

## REV. AAP- HARYANA 4TH LIST

આમ આદમી પાર્ટીએ હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની ચોથી યાદી આજે જાહેર કરી. આ યાદીમાં 21 ઉમેદવારોના નામ જાહેર કરાયા છે, જેમાં સોનિપતથી દેવેન્દ્ર ગૌતમ, ગુડગાંવ બેઠક પરથી નિશાંત આનંદ, અંબાલા કેન્ટોન્મેન્ટ બેઠક પરથી રાજ કૌર ગિલ તેમજ કરનાલ બેઠક પરથી સુનિલ બિન્દાલને ટિકિટ ફાળવવામાં આવી છે.

## JAPAN - TYPHOON BEBINCA

જાપાનના હવામાન વિભાગે બેબિન્કા ચક્રવાતને લઈને ચેતવણી જાહેર કરી છે. જે અનુસાર આ ચક્રવાત સપ્તાહના અંત સુધીમાં દેશના દરિયાકાંઠાના વિસ્તારો ખાસ કરીને ઓકિનાવા અને અમામીના તટિય વિસ્તારો નજીક પહોંચતા હવામાનમાં ભીષણ ફેરફારો આવી શકે છે.

જાપાનના હવામાન વિભાગ અનુસાર બેબિન્કા આ વર્ષનું તેરમું વાવાઝોડું છે, જે ગત રાતે મરિઆના ટાપુ નજીક ઉદ્ભવ્યૂ હતું અને હાલમાં 20 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે આગળ વધી રહ્યું છે.

## HOCKEY ASIA

ભારત એશિઆઈ ચેમ્પિયનશીપ હૉકી ટુર્નામૅન્ટની સેમિફાઇનલમાં પહોંચી ગયું છે. ચીનના હુલુનબુઈરમાં રમાયેલી મેચમાં ભારતે મલેશિયાને 8-1થી હરાવીને સતત ત્રીજી જીત હાંસલ કરતા અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું.

ભારત માટે રાજકુમાર પાલે ગોલની હેટ્રિક કરી. અરાઈજીતસિંહ હુંડલે બે ગોલ કર્યા હતા. જુગરાજ સિંહ, હરમનપ્રિત સિંહ અને ઉત્તમસિંહે પણ એક- એક ગોલ કર્યા હતા. આ પૂર્વે ભારતીય ટીમે ચીન અને જાપાનની ટીમ સામે જીત હાંસલ કરી હતી.

## DOT Mobile

સરકારે જણાવ્યું છે કે, સાઇબર ગુના અને આર્થિક છેતરપિંડી સાથે સંકળાયેલા એક કરોડથી વધુ મોબાઇલ જોડાણો રદ કરવામાં આવ્યા છે અને આશરે બે લાખ 27 હજાર મોબાઇલ હેન્ડસેટ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે.

ટેલિકોમ વિભાગે જણાવ્યું છે કે, તેની સંચાર સાથી પહેલની મદદથી આ જોડાણ ઓળખી કાઢવામાં આવ્યા છે. છેલ્લાં પખવાડિયામાં સાડા ત્રણ લાખથી વધુ સ્પામ નંબરના જોડાણ બંધ કરવામા આવ્યા છે અને 50 એકમોને પ્રતિબંધિત કરવામાં આવી છે. આ ઉપરાંત, સત્યતા વિનાના આશરે સાડા ત્રણ લાખ હેડર્સ અને 12 લાખ કન્ટેન્ટ ટેમ્પલેટ્સ બ્લોક કરવામાં આવ્યા છે.